# એક તરફ ઓમિક્રોનનો ખતરો, બીજી તરફ વાયબ્રન્ટ સમિટ માટે ૭૦૦૦નું રજીસ્ટ્રેશન

**વિદેશી મહેમાનો માટે હજી નક્કર કન્ફર્મેશન નહીં હોવાથી અત્યારે છ થી સાત હોટલો બુક કરાવાઇ છે, ૫૦૦૦ કંપનીઓએ રજીસ્ટ્રેશન કર્યું છે**

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતની ૧૦મી વાયબ્રન્ટ સમિટમાં ભાગ લેવા માટે એક તરફ ૭૦૦૦ લોકોનું વ્યક્તિગત રજીસ્ટ્રેશન થઈ ચૂક્યું છે ત્યારે બીજી તરફ ઓમિક્રોનના ખતરાના કારણે વિદેશી મહેમાનો તરફથી નક્કર કન્ફર્મેશન નહીં આવતા સરકારની ઉલઝન વધી છે, આમ છતાં વાયબ્રન્ટ સમિટમાં હાજર રહેવા માટે ૫૦૦૦ જેટલી કંપનીઓએ રજીસ્ટ્રેશન કરાવી દીધાં છે.

ગુજરાત સરકાર દ્વારા ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન યોજાનારા વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં વિદેશથી આવનારા મહેમાનોનું કન્ફર્મેશન હજી મોટા પ્રમાણમાં મળ્યું નથી છતાં સરકારે ગાંધીનગરની ત્રણ અને અમદાવાદની ત્રણ હોટલોમાં રૂમ બુક કરાવ્યા છે. ગાંધીનગરમાં રેલવે સ્ટેશન પર બનેલી હોટલ લીલા, સેક્ટર-૧૧માં આવેલી ફોર્ચ્યુન લેન્ડમાર્ક ઉપરાંત ગિફ્ટ સિટીમાં આવેલી હોટલ મકર્યુરી બુક કરાવી છે.

વિશ્વના ૭૦થી વધુ દેશોમાં ઓમિક્રોન વેરિયન્ટના કેસ વધતા જાય છે જેમાં ભારત પણ બાકાત નથી. ગુજરાતમાં પણ ઓમિક્રોનના કેસો આવી રહ્યાં છે ત્યારે વાયબ્રન્ટ સમિટમાં અધિકારીઓની દ્વિધા વધી છે. સરકારે દેશ અને વિદેશમાં હજારોની સંખ્યામાં આમંત્રણ આપ્યાં છે પરંતુ તેમના એકોમોડેશનનો મોટો પ્રશ્ન ઉભો થયો છે. હોટલો અને ટ્રાન્સપોર્ટેશનના વાહનો બુક કરાવવામાં આવ્યા છે પરંતુ દેશના રાજ્યો અને વિદેશમાંથી કેટલા ગેસ્ટ આવશે તે નિશ્ચિત નથી.

વાયબ્રન્ટમાં જોડાવા માટે પાર્ટનર કન્ટ્રીમાં ૧૩ દેશો જોડાયા છે પરંતુ તેઓ આવશે કે નહીં તે નિશ્ચિત નથી. સરકારે તેમના માટે વર્ચ્યુઅલી વ્યવસ્થા પણ વિચારી રાખી છે. જો કે દેશ અને રાજ્યના ઉદ્યોગ પ્રતિનિધિઓ આ સમિટમાં આવી રહ્યાં છે અને તેમનું કન્ફર્મેશન મળી રહ્યું છે.

અગાઉના વાઈબ્રન્ટ સમિટમાં વિદેશી ડેલિગેશનો ઉપરાંત અન્ય મહેમાનો માટે ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ અને ગાંધીનગરની હોટલોમાં મોટાપાયે બુકિંગ કરી દેવામાં આવતા હતા તેની જગ્યાએ આ વખતે હજી આમંત્રિતોની સંખ્યા અંગે નિશ્ચિતતા નહીં હોવાથી સરકારે વધુ હોટલો બુક કરાવી નથી. જો કે ઉદ્યોગ વિભાગના ટોચના અધિકારી કહે છે કે જરૂર પડ્યે તબક્કાવાર રિઝર્વેશન કરાવવામાં આવશે.

**પ્રિ-વાયબ્રન્ટ સમિટ : હોલિસ્ટીક હેલ્થકેર**

# ગુજરાત દેશના ફાર્માસ્યુટિકલ્સ પ્રોડકશનમાં ૩૩ ટકા જેટલું યોગદાન છે : ભૂપેન્દ્ર પટેલ




ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત દેશના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગોનું સેન્ટર પોઈન્ટ હોવાનો સ્પષ્ટ મત વ્યકત કર્યો છે.

આ સંદર્ભમાં ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે દેશના કુલ વિસ્તારનો ૬ ટકા ભુ-ભાગ ધરાવતું ગુજરાત ભારતના ફાર્માસ્યુટિકલ પ્રોડક્શનમાં ૧/૩ એટલે કે ૩૩ ટકા જેટલું યોગદાન આપીને અગ્રેસર બન્યું છે.

મુખ્યમંત્રી ગાંધીનગરમાં પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી ખાતે પ્રિ-વાયબ્રન્ટ ઈવેન્ટ અન્વયે આયોજિત હોલિસ્ટીક હેલ્થકેર: ફોક્સ ઓન ફાર્માસ્યુટિકલ્સ એન્ડ મેડીકલ ડિવાઈસીસ સમિટના ઉદઘાટન અવસરે સંબોધન કરી રહ્યા હતા.

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવીયા, ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યમંત્રી નિમીષાબહેન સુથાર તેમજ ફાર્માસ્યુટિકલ વિભાગના કેન્દ્રીય સચિવ એસ. અર્પણા, ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડીયા ડૉ. સોમાણી, યુ.એસ.એફ.ડી.એના મેકમૂલેન સહિત વરિષ્ઠ સચિવો અને અગ્રણી ફાર્મા-મેડીકલ ડિવાઈસીસ ઉદ્યોગકારો આ સમિટમાં જોડાયા હતા.

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયાએ ફાર્માસ્યુટીકલ ઉત્પાદકોને આહવાન કરતાં કહ્યું કે, દેશના જવાનો જેમ સીમાની સુરક્ષા કરે છે એ રીતે આપ સૌ નાગરિકોને સસ્તી અને ગુણવત્તાલક્ષી દવાઓનું ઉત્પાદન કરીને ઉત્તમ સેવાનું માધ્યમ બનાવીને જન સેવાનું અપ્રતિમ કાર્ય કરશો એવો મને દૃઢ વિશ્વાસ છે.

## રાજ્યમાં કોરોનાના નવા ૬૮ કેસ

ગાંધીનગર, તા.૧૮

રાજ્યમાં કોરોનાના નવા ૬૮ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૭૪ દર્દીઓ રિકવર થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૮૧૯ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે ગુજરાતનો કોરોના રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૭૧ ટકાએ પહોંચ્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૨,૪૨,૭૧૦ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૫૭૫ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૬ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૫૬૯ સ્ટેબલ છે. ૮,૧૭,૮૧૯ નાગરિકો અત્યાર સુધીમાં કોરોનાને હરાવી ચુક્યા છે.

# ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ૮૦ હજાર હેક્ટરમાં થયુ

**ગત વર્ષની તુલનામાં ૯૫ ટકા વિસ્તારમાં વાવેતર સંપન્ન : ચોમાસાની મોડી વિદાયને કારણે રવિ પાકની વાવણી પણ લંબાઈ**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ઠંડીનું વાતાવરણ જામતાં રવિ સીઝનની વાવણી તેના અંતિમ તબક્કામાં વેગીલી બની છે. આ વખતે રવિ સીઝનની વાવણી ૯૫ ટકા વિસ્તારમાં વાવેતર સંપન્ન થયેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં રવિ સીઝનનું આ વખતે ૮૦,૧૬૯ હેક્ટરમાં વાવેતર થયુ છે. ગયા વર્ષે જિલ્લામાં ૮૩,૬૧૮ હેક્ટરમાં વાવેતર થયુ હતુ.

જિલ્લામાં ઘઉંનું વાવેતર ૨૮,૧૨૩ હેક્ટરમાં, મકાઈનું વાવેતર ૨૩૭ હેક્ટરમાં, ચણાનું વાવેતર ૧૫૫૯ હેક્ટરમાં, રાઈનું વાવેતર ૧૬૮૯ હેક્ટરમાં, તમાકુનું વાવેતર ૪૫૮૫ હેક્ટરમાં, વરિયાળીનું વાવેતર ૮૬૬ હેક્ટરમાં, બટાટાનું વાવેતર ૧૨,૩૩૯ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૭૯૩૫ હેક્ટરમાં અને પશુધન માટે ઘાસચારાનું વાવેતર ૨૨,૮૧૦ હેક્ટરમાં થયુ છે.

ચોમાસાની મોડી વિદાયને કારણે રવિ સીઝનની વાવણી મોડી થઈ હતી. સામાન્યતઃ ૩૧ ડિસેમ્બર સુધી રવિ સીઝનની વાવણી થતી હોય છે. ડિસેમ્બરમાં પણ છેલ્લા ૩-૪ દિવસથી ઠંડીનું જોર વધતાં વાવેતરમાં વેગ આવ્યો છે.

છેલ્લી ઘડીએ ઘઉં, બટાટા, ઘાસચારો, વરિયાળી, રાઈ અને ચણા તેમજ શાકભાજીના વાવેતરમાં વધારો થયો છે.

જિલ્લામાં આ વખતે પ્રયોગશીલ ખેડૂતો દ્વારા જીરૂનું ૬ હેક્ટરમાં તેમજ લસણનું ૨ હેક્ટરમાં વાવેતર થયુ છે. ચણા-તમાકુના વાવેતર વિસ્તારમાં વધારો થયેલો જણાયો છે. શાકભાજી અને બટાટાનો વાવેતર વિસ્તાર સરેરાશ રહેવા પામ્યો હોવાનું ખેડૂત આગેવાનો કહી રહ્યા છે.

# વધુ એક હાફ મેરેથોન પૂર્ણ કરતાં ગાંધીનગરના જગત કારાણી

**સતારા હીલ હાફ મેરેથોન દોડમાં ૬૫ વર્ષની વયે ભાગ લઈ ૨ કલાક અને ૫૭ મિનિટમાં પૂર્ણ કરી**




ગાંધીનગર : તા.૧૮

ગાંધીનગર સ્વાસ્થ્યપ્રેમી અને પ્રવૃત્તિમય નાગરિકો ધરાવતું શહેર છે. આ શહેરમાં અનેકવિધ રમતગમત સાથે મેરેથોન દોડમાં પણ નામના ધરાવતા દોડવીરો વસે છે જે પૈકી મેરેથન દોડમાં સેન્ચુરી પૂરી કરનાર જગતભાઈ કારાણીએ ૬૫ વર્ષની વયે વધુ એક સાહસિક મેરેથોન રન પુરી કરી છે. તેમણે તા.૧૨મી ડિસેમ્બરે ભારતની શ્રેષ્ઠ ૧૦ પૈકીની એક તેવી સતારા હાફ મેરેથોન દોડમાં ભાગ લઈ કટ ઓફ સમય કરતાં પણ ઓછા સમયમાં ૨ કલાક અને ૫૭ મિનિટમાં સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.

મહારાષ્ટ્રના સતારા ખાતે યોજાયેલી હાફ મેરેથોનમાં ગાંધીનગરમાંથી માત્ર ત્રણ જ દોડવીર પસંદ પામ્યાં હતા જેમાં જગતભાઈ કારાણી ઉપરાંત મિતેષ ગજ્જર તેમજ રવિચંદ્રન હતા. અન્ય મેરેથોનની સરખામણીમાં સતારા મેરેથોન ખૂબ જ કઠીન ગણાય છે. પ્રથમ ૧૦ કિમીનું કપરૂ ચઢાણ હોય છે. જગતભાઈ કારાણીએ કટ ઓફ સમય કરતાં પણ ઓછા સમયમાં ૨ કલાક અને ૫૭ મિનિટમાં હાફ મેરેથોન પૂર્ણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તેમણે ૨૦૧૬થી મેરેથોન દોડવાનું શરૂ કરીને ૬ વર્ષના ટૂંકા ગાળામાં ૧૦૫ જેટલી મેરેથોન પૂર્ણ કરી છે. કોરોના કાળમાં પણ તેઓએ સીડની, દુબઈ, લંડન, ટોક્યો, ન્યુયોર્ક, પેરીસની વર્ચ્યુલ મેરેથોન પણ પૂર્ણ કરી હતી. હવે તેમણે આગામી વર્ષે પણ સતત પાંચમી વખત સતારા હાફ મેરેથોનમાં ભાગ લઈને સ્પેશિયલ મેડલ મેળવવા દ્રઢ મનોબળ સાથે બીજા જ દિવસથી સઘન પ્રેકટીશ શરૂ કરી દીધી છે.

## અમદાવાદ ખાતે સોમવારે "લોકલથી ગ્લોબલ: નિકાસલક્ષી પ્રગતિ" એક દિવસીય પ્રિ ઈવેન્ટ સમિટ યોજાશે

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ અંતર્ગત અમદાવાદ ખાતે આગામી તા.૨૦મી ડિસેમ્બરે "લોકલથી ગ્લોબલ: નિકાસ લક્ષી પ્રગતિ" એક દિવસીય પ્રિ-ઈવેન્ટ સમિટ યોજાનાર છે. શ્રી શકિત કન્વેન્શન સેન્ટર, વૈષ્ણોદેવી સર્કલ એસ.પી. રીગ રોડ ખાતે યોજાનાર આ સમિટનો શુભારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરાશે. આ પ્રિ-ઈવેન્ટ સમિટમાં આ વિષયના નિષ્ણાતો રાજ્યની પરંપરાગત કુશળતાઓનો કેવી રીતે ઉપયોગ કરવો તે અંગે ચર્ચા કરશે જેના પરિણામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરી શકાય તથા દેશ ૨૦૨૮ સુધીમાં વાર્ષિક એક ટ્રિલિયન ડૉલરના લક્ષ્યાંક સુધી પહોંચી શકે.

વડાપ્રધાનના સ્વપ્નને સાકાર કેવી રીતે કરી શકાય તથા તે સાકાર કરવામાં ગુજરાત કેવી રીતે મદદરૂપ થઈ શકે તે અંગે આ સેમિનારમાં કાર્યરચનાની ચર્ચા થશે તેમજ વ્યૂહરચના અંગે વિચારણા કરવામાં આવશે. હાલ રાષ્ટ્રીય નિકાસની બાબતમાં (નાણાકીય વર્ષ ૨૦૨૨)માં ભારતના રાજ્યોમાં ૩૦ ટકા ફાળા સાથે ગુજરાત ટોચ ઉપર છે. નાણાકીય વર્ષ ૨૦૨૧માં રાજ્યે રૂ. ૪.૫ લાખ કરોડના સામાનની નિકાસ કરી હતી. ભારતની કુલ પેટ્રોલિયમ પેદાશોની નિકાસની બાબતમાં ૮૦ ટકા કરતાં વધુ હિસ્સા સાથે ગુજરાત અગ્રેસર છે. તે ઉપરાંત જેમ્સ અને જ્વેલરી, ઓર્ગેનિક કેમિકલ્સ, ફાર્માસ્યૂટિકલ્સ, એગ્રો કેમિકલ્સ, પ્લાસ્ટિકની કાચી સામગ્રી, કાપડ, ડાઈ, સિરામિક વગેરેની નિકાસમાં ગુજરાત અગ્રણી છે.

## સીએમએસ ઈન્ફો સિસ્ટમ્સ લિમિટેડનો આઈપીઓ ૨૧મીએ ખુલશે

સીએમએસ ઈન્ફો સિસ્ટમ્સ લિમિટેડ ("કંપની")ની એના આઈપીઓના સંબંધમાં બિડ/ઓફર ૨૧ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ ખુલશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૦૫ થી રૂ. ૨૧૬ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૬૯ ઈક્વિટી શેર અને પછી ૬૯ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

કંપનીએ સિઓન ઈન્વેસ્ટમેન્ટ હોલ્ડિંગ્સ્ પૂ્ઈ. લિમિટેડ ("પ્રમોટર વિક્રેતા શેરધારક") દ્વારા રૂ. ૧,૧૦૦ કરોડના કુલ ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર ("ઓફર ફોર સેલ") દ્વારા આઈપીઓ મારફતે ફંડ ઊભું કરવાની યોજના ધરાવે છે.

રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ દ્વારા ઓફર થયેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.

ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે - એક્સિસ કેપિટલ, ડીએએમ કેપિટલ એડવાઈઝર્સ લિમિટેડ, જેફરીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ.

સ્થાપિત એટીએમની સંખ્યાને આધારે દુનિયામાં ભારત ત્રીજું સૌથી મોટું એટીએમ બજાર છે અને ૩૧ માર્ચ, ૨૦૨૧ સુધી અમે એટીએમ પોઈન્ટની સંખ્યા અને રિટેલ પિક-અપ પોઈન્ટની સંખ્યાને આધારે ભારતની સૌથી મોટી કેશ મેનેજમેન્ટ કંપની છીએ તેમજ ૩૧ માર્ચ, ૨૦૨૧ના રોજ એટીએમ પોઈન્ટની સંખ્યાને આધારે દુનિયામાં સૌથી મોટી એટીએમ કેશ મેનેજમેન્ટ કંપનીઓ પૈકીની એક છીએ.

# મેકસ લાઈફની વિમા પોલીસીના પ્રિમિયમના નામે ૧.૧૦ લાખની છેતરપિંડી

**ઠગબાજોએ આરટીજીએસથી પૈસા ભરશો તો રૂ.૧૦ હજાર ડિસ્કાઉન્ટની ઓફર આપી હતી, પ્રિમિયમ ભરવાની ઈન્ટીમેશનની સ્લીપો પણ મોકલી આપી હતી**

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ ખાતે રહેતા વડીલ ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા છે. મેકસ લાઈફ ઈન્સ્યોરન્સના કર્મચારી તરીકેની ઓળખ આપી વડીલને ખોટા ઈમેલ આઈડી પરથી પ્રિમીયમ ભરવા માટેની ઈન્ટીમેશનની સ્લીપો પણ મોકલી આપી હતી. વડીલને ઈસીએસની જગ્યાએ ઠગબાજોએ આરટીજીએસથી ભરશો, તો રૂ.૧૦ હજાર પ્રિમિયમ ઓછુ ભરવાનું થશે તેવી લલચામણી ઓફર આપી હતી. ત્યારબાદ વડીલે પોલીસીના પ્રિમિયમ પેટે આરટીજીએસથી રૂ.૧.૧૦ લાખ ટ્રાન્સફર કરતા ઠગબાજોના એકાઉન્ટમાં રૂપીયા જમા થઈ ગયા હતા. ત્યારબાદ વીમા પોલીસીના રૂપીયા ઈસીએસથી પણ કપાઈ જતા વડીલને છેતરાયાની જાણ થતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩ એ પ્લોટ નં.૬૮-૨ ખાતે રહેતા ૬૭ વર્ષિય ઈશ્વરભાઈ ભવાનભાઈ સોલંકી પરિવાર સાથે નિવૃતિમય જીવન ગુજારે છે. મેકસ લાઈફ ઈન્સ્યોરન્સમાં ઈશ્વરભાઈના પત્નનીના નામે બે વિમા પોલીસી કાર્યરત છે. બે વિમા પોલીસીનું વાર્ષિક પ્રિમિયમ ડિસેમ્બર માસમાં આવે છે અને બે પૈકી પ્રથમ પોલીસીનું પ્રિમિયમ બેંક એકાઉન્ટમાંથી ઓનલાઈન ઈસીએસ દ્વારા કપાઈ જાય છે.

ત્યારે ગત તા.૬-૧૨-૨૧ના રોજ સાંજના પાંચ વાગ્યાના અરસામાં વડીલ ઘરે હતા તે સમયે તેમના મોબાઈલ ફોન પર કોલ આવ્યો હતો અને જણાવ્યું હતું કે હુ મેકસ લાઈફ ઈન્સ્યોરન્સમાંથી બોલુ છુ અને તમારી વિનુબેન અંબાલાલ સોલંકીના નામે જે વિમા પોલીસી છે તેનું પ્રિમિયમ અંદાજીત રૂ.૯૬ હજાર ઈસીએસથી ભરો છો. તેના સ્થાને સરકારી બેંકથી આરટીજીએસથી ભરો તો અંદાજીત રૂ.૧૦ હજાર ઓછુ પ્રિમિયમ ભરવાનું થશે તેવી લલચામણી ઓફર ઠગબાજોએ આપી હતી. તે સમયે વડીલે વિચાર કરીને જવાબ આપશે તેમ જણાવતા ગત તા.૯-૧૨-૨૧ના રોજ મોબાઈલ પરથી બે વાર કોલ કરીને પ્રિમિયમ સંબંધિત વાત કરી હતી. તે જ દિવસે ફરીવાર મોબાઈલ પર પોણા ચાર વાગ્યાના સુમારે કોલ આવ્યો હતો અને શાંતનુ મેકસ લાઈફ ઈન્સ્યોરન્સ બોલતો હોવાનું અને ડિસ્કાઉન્ટ પ્રિમિયમ વાત કરી હતી. જેથી વડીલે કંપની તરફથી ઈમેલ કરવા માટે જણાવ્યું હતું. જેથી ઠગબાજે ઈમેલ આઈડી માંગતા વડીલે ઈમેલ આઈડી આપ્યો હતો.



વાયબ્રન્ટ સમિટ નજીક આવતા શહેરને શણગારવામાં આવી રહ્યુ છે. રોડ-રસ્તા બનાવવાની સાથોસાથ રંગ-રોગાનનું કાર્ય પૂર્ણ જોશમાં ચાલી રહ્યું છે. ઘ-રોડ પર લગાવવામાં આવેલી જાળીઓને રંગરોગાન કરવામાં આવી રહ્યું છે.

# રાજ્યમાં ૧૦ દિ'માં શાળા જતા ૧૮ છાત્રોને કોરોના

અમદાવાદ, તા.૧૮

રાજ્યમાં કોરોના કેસ ઓછા થયા પછી દિવાળી બાદથી જ સ્કૂલો રાબેતા મુજબ ખૂલી ગઈ છે. જોકે હવે સ્કૂલે જતા વિદ્યાર્થીઓ કોરોનાના રાક્ષસી પંજામાં ફસાઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં છેલ્લા ૧૦ દિવસમાં જુદા જુદા શહેરોમાં સ્કૂલે જતા ૧૮ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટીવ મળી આવ્યા છે. જેને લઈને હવે વાલીઓમાં પણ તેમના સંતાનોને સ્કૂલે મોકલવા બાબતે ચિંતા વધી રહી છે.

અમદાવાદની ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રનમાં અભ્યાસ કરતી ધોરણ ૨ ની એક છોકરીએ તાજેતરમાં જ પોતાના વતનમાં એક કાર્યક્રમમાં હાજરી આપીને પરત ફર્યા પછી કોવિડ-૧૯ પોઝિટિવ મળી આવી હતી. સ્કૂલ ઓથોરિટીએ આ કેસની પુષ્ટિ કરી અને કહ્યું કે જે વિદ્યાર્થીઓ આ બાળકી સાથે વર્ગમાં હાજર રહ્યા હતા તેમની આરોગ્યની ચકાણસી કરીને સ્થિતિની જાણ કસરવા માટે કહેવામાં આવ્યું છે. ધોરણ ૨ ની આ વિદ્યાર્થીની સમગ્ર ગુજરાતમાંથી મળી આવેલા વિદ્યાર્થીઓના ૧૮ કેસ જે છેલ્લા ૧૦ દિવસમાં કોરોના વાયરસ માટે પોઝિટિવ ટેસ્ટ થયા છે તે પૈકી એક છે. આ બાળકો ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને રીતે શાળામાં ભણી રહ્યા હતા.

૧૮ના આંકડામાં સુરતમાંથી ૯, અમદાવાદના ૪, રાજકોટના ૩ અને વડોદરાના ૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. રાજકોટ અને વડોદરાના એક-એક શિક્ષકોનો પણ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. અમદાવાદ ગ્રામ્યના ડીઈઓ આર આર વ્યાસે પુષ્ટિ કરી હતી કે ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રનમાં કોરોના પોઝિટિવ કેસ નોંધાયો છે જેના પગલે શાળાને સાવચેતીનાં પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી મનન ચોક્સીએ જણાવ્યું હતું કે બાળકીએ છેલ્લે નવ દિવસ પહેલા ઓફલાઈન કલાસમાં હાજરી આપી હતી. જ્યારે રાજકોટમાં ૩ વિદ્યાર્થીઓ અને શિક્ષણ કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. તેમ ડીઈઓ બીએસ કાલિયાએ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, 'નચિકેતા સ્કૂલમાં અભ્યાસ કરતી ધો. ૬ની વિદ્યાર્થિની, એસ.એન. કણસાગરા સ્કૂલમાં ધો. ૧૦માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થી અને એમ.વી. ધુલેશિયા સ્કૂલના એક શિક્ષક પોઝિટિવ મળી આવ્યા છે.

**આજે મતદાન...** ● છેલ્લા પાનાનું ચાલુ

મુકવામાં આવ્યા છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ માટે ૧૧૮૨ પોલીસકર્મીઓ ફરજ પર તૈનાત રહેશે. તંત્રએ ૫૨ જેટલા ઝોનલ ઓફિસરોને પણ નિયુક્ત કર્યા છે.

જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બનેલ ગ્રામ પંચાયતોની આ ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓએ આડકતરો રસ પણ દાખવ્યો છે. જોકે મિત્રમંડળની રાજનીતિએ આ જંગને ખુબ જ રોચક બનાવી દીધો છે.

આ ચૂંટણી માટે બે અલગ-અલગ પ્રકારના મતપત્રક તૈયાર કરવામાં આવ્યા છે. તંત્રએ બે મત આપવાના હોવાથી મતદાર જાગૃતિ અભિયાન પણ છેડ્યુ હતુ. આ ચૂંટણી માટે તાલુકાકક્ષાએ તેમજ જિલ્લાકક્ષાએ પણ ખાસ કંટ્રોલરૂમ ઉભા કરવામાં આવ્યા છે.

આ ચૂંટણીનું જે આક્રમકતાથી પ્રચાર અભિયાન છેડાયુ હતુ તેથી મતદાનની ટકાવારી ઘણી ઊંચી જશે તેમ માનવામાં આવી રહ્યુ છે એટલુ જ નહિ હાર-જીતનો માર્જીન પણ બહુ નહિ રહે તેમ રાજકીય વર્તુળોનું માનવું છે.

**બરફની ચાદર...** ● પહેલા પાનાનું ચાલુ

ગગડી ગયો હતો. માઉન્ટ આબુમાં સવારે માઈનસ ૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જ્યારે માઉન્ટ આબુના ગુરુ શિખર પર તાપમાન માઈનસ ૫ ડિગ્રી પર પહોંચી ગયું હતું. તાપમાન શૂન્ય ડિગ્રીની નીચે પહોંચી જવાને કારણે માઉન્ટ આબુમાં બરફની ચાદર છવાઈ ગઈ હતી.

શનિવાર અને રવિવારને કારણે મોટી સંખ્યામાં ગુજરાતીઓ માઉન્ટ આબુ પહોંચ્યા હતા. પણ અહીં જબરદસ્ત ઠંડીનો તેઓને સામનો કરવો પડી રહ્યો છે. ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આગામી ત્રણ દિવસ સુધી રાજસ્થાનમાં શીતલહેર આવવાની હવામાન વિભાગે ચેતવણી આપી છે. જેની અસર હવે માઉન્ટ આબુમાં જોવા મળી રહી છે. માઉન્ટ આબુમાં તાપમાન માઈનસ ૩ ડિગ્રી થઈ જવાને કારણે સમગ્ર પંથકમાં બરફની ચાદર છવાઈ ગઈ હતી. એટલું જ નહીં પણ નળનું તેમજ ટાંકીનું પાણી પણ થીજી ગયું હતું. એટલું જ નહીં, પણ હોટેલ્સની બહાર મુકવામાં આવેલાં ટેબલ ઉપર પણ બરફની ચાદર છવાઈ ગઈ હતી. જો કે, અહીં ફરવા આવેલાં ગુજરાતીઓએ આવી ફુલ ગુલાબી ઠંડીની મજા માણતા જોવા મળ્યા હતા. અહીં રાતના સમયે તો ઠીક પણ સવારના સમયે પણ લોકો તાપણી કરતાં જોવા મળ્યા હતા. ફરવા આવેલાં પ્રવાસીઓમાંથી નાના બાળકો અને વૃદ્ધો કાતિલ ઠંડીને કારણે ધ્રુજી ઉઠ્યા હતા. બીજી બાજુ યુવાનોએ ઠંડીની ફુલ મજા માણી હતી. ઉલ્લેખનીય છે કે, માઉન્ટ આબુમાં છેલ્લા બે દિવસથી સતત તાપમાનનો પારો શૂન્ય ડિગ્રીથી નીચે નોંધાઈ રહ્યો છે અને ડિસેમ્બર મહિનામાં પહેલીવાર માઉન્ટ આબુમાં તાપમાન માઈનસ ૩ ડિગ્રી પર પહોંચ્યું છે. માઉન્ટ આબુના ટોચના શિખર ગુરુ શિખર પર તો તાપમાન તેનાથી પણ નીચું માઈનસ ૫ ડિગ્રી નોંધાયું હતું. સવાર ઉપરાંત સમગ્ર દિવસ દરમિયાન આબુમાં કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. દિવસનું મહત્તમ તાપમાન પણ ૨૧ ડિગ્રી રહ્યું હતું.

**સર્કલોની રોનક...** ● છેલ્લા પાનાનું ચાલુ

શહેરની પહેચાન બન્યા છે. જેના લીધે ગાંધીનગર સર્કલોની નગરી તરીકે પણ ઓળખાય છે. દોઢ દાયકા અગાઉ શહેરના વિવિધ માર્ગો પર સ્થિત સર્કલોને વિવિધ થીમ પર વિકસાવવા માટે તંત્ર દ્વારા વિવિધ સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી હતી જયારે સર્કલોને પણ માર્ગોની જેમ નવા નામો આપવામાં આવ્યા હતા. નવા નામાભિધાન સાથે સર્કલોની પણ સિકલ બદલાઈ ગઈ હતી. શહેરના મુખ્યમાર્ગો પરના સર્કલો પૈકી ગ-૪ ના સર્કલની વિશેષ ઓળખ બની હતી. વિશાળ સર્કલની સુંદરતા બહારથી આવતા મુલાકાતીઓ માટે પણ આકર્ષણનુ કેન્દ્ર બની હતી. પરંતુ અન્ડરપાસના આયોજનના લીધે આ સર્કલ દુર કરી દેવાતા હાલ આ જગ્યાએ પાર્કનુ વિધાનસભા સુધી સીધુ જોડાણ તેનુ કામ પણ ચાલી રહ્યુ છે. બીજીતરફ છેલ્લા ત્રણ વર્ષથી જાળવણીના અભાવે નગરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો કંગાળ બન્યા છે. સર્કલોની જાળવણીના અભાવે સર્કલોની ફરતેની દિવાલો તુટેલી તેમજ કલર પણ ઉખડી ગયો છે. સર્કલોની અંદર પણ ગંદકી વચ્ચે હરિયાળી પણ ઉજ્જડ જોવા મળે છે. કોરોના કાળમાં સર્કલોની જાળવણી મામલે સંસ્થાઓએ પણ નિરસતા સેવી હતી જયારે તંત્રએ પણ સર્કલો તરફ ધ્યાન આપ્યુ ન હતુ જયારે હવે ત્રણ વર્ષના અંતે વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવામા આવ્યુ છે ત્યારે શહેરના સર્કલો મામલે જવાબદાર સંસ્થાઓને તંત્રએ નોટીસ આપી જાગૃત કરી છે. જયારે વાઈબ્રન્ટ પુર્વે તમામ સર્કલોની સુંદરતા નિખરે તે મુજબ કામ પુર્ણ કરવા માટે પણ સુચના આપી છે. જેના લીધે હાલ શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલોને કલર કરવામાં આવી રહ્યો છે. સર્કલોની અંદર પણ સફાઈ કામગીરી ચાલી રહી છે. જયારે સફાઈની સાથે સુકાયેલા રોપાઓ દુર કરી નવા પ્લાન્ટેશન માટે પણ કામ હાથ ધરાયુ છે. આ ઉપરાંત સર્કલોની ફરતે તુટેલી રેલીંગનુ પણ રીપેરીંગ કરવામાં આવી રહ્યુ છે. વાઈબ્રન્ટ પુર્વે સર્કલોની સુંદરતા નિખરશે માર્ગોના પેવરકામ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા સહીત કેટ આઈ લગાવાની સાથે રોડ ફર્નિચરની કામગીરીથી રસ્તાઓ નવા રૂપરંગમાં જોવા મળશે જયારે માર્ગ વચાળે સુશોભિત સર્કલો પણ મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે.